// પ રિ શિ ષ્ટ-''અ''//

સત્તાની સોંપણીની યાદી.

| અ.નં. | સત્તાની વિષય વસ્તુ | અધિકારી/કમિટીનું નામ કે જેને સત્તા આપવામાં આવી. |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |

૧. <u>વિતરણની તારીખમાં ફેરફાર કરી આપવા બાબત.</u>

(અ) નીચેના કારણોસર વિતરણની તારીખમાં ફેરફાર કરી આપવાના કિસ્સાઓ હોયતો... ઉપ.આને વ.સં.શ્રી

૧. ફાળવેલ જમીનનો કબજો નિગમ પાસે ન હોય.

૨. ફાળવેલ જમીનનો કબજો વિવાદવાળો હોય.

૩. વિતરણ કરેલ જગ્યા નિગમની જરુરીયાતને અનુલક્ષીને પરત લેવાની પરિસ્થિતી ઉભી થઇહોય.

૪. નિગમના આયોજનમાં ફેરફાર જેમ કે આનુષાંગિક સુવિધાઓ પુરી પાડવા પ્લોટની જરુરીયાત ઉભી થાય અથવા જમીનના ઝોનીંગમાં ફેરફાર કરવાના હોય વિગેરે કારણોસર ફાળવેલ પ્લોટને અન્ય સ્થળે બદલી આપવાનો હોય.

૫. માપણી કર્યા વગર પ્લોટનું વિતરણ અને કબજાની સોંપણી થઇ હોય.

૬. વિતરણ કરેલ પ્લોટનો કબજો સોંપણી વખતે વિતરણ કરવામાં આવેલ વિસ્તારમાં ફેરફાર થતો હોય અર્થાત માપણી ખોટી હોય અને સુધારવાની જરુર હોય.

૭. પ્લોટની સ્થળે માપણી કરેલ ન હોય.

૮. નિગમે પુરી પાડવાની થતી આનુષાંગિક સુવિધાઓ પુરી પાડવામાં વિલંબ થયો હોય.

(બ) નીચેના કારણોસર વિતરણની તારીખમાં ફેરફાર કરી આપવાના કિસ્સાઓ હોય તો... ફાળવણીદારની ફરીયાદ બાબતની કમિટી.

૧. અધુરા બાંધકામ વાળા મકાનો/શેડો વિગેરે હોવાને કારણે.

૨. નુકશાન થયેલ મકાનો/શેડો વિગેરેના કારણે

૩. ફાળવવામાં આવેલ પ્લોટખાડાવાળો હોવાને કારણે.

.૨.

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | ૪. મકાનો/શેડો વિગેરેના વિતરણ થયા પછી તેમાં બાંધકામની ગુણવત્તા અન્વયેની રજુઆતો થઈ હોય તથા બાંધકામમાં નુકશાની થયેલ હોય. | |
| | ૫. વિતરણ અંગેના અન્ય વિવેકાધિન કારણોસર. | |
| ૨. | બિનવપરાશના દંડની વસુલાત બાબત. | |
| | (અ) વિતરણની તારીખમાં ફેરફાર કરી આપવા બાબતે ઉપરોક્ત મુદ્દા નં.૧ માં (અ) અને (બ) માં દર્શાવવામાં આવેલ કિસ્સાઓને કારણે જો વિતરણની તારીખ બદલવામાં આવે તો આવી સુધારેલ વિતરણની તારીખને મૂળ વિતરણની તારીખ ગણી તે ઉપર ઉપયોગ માટેનો સમય નિગમની નીતિ મુજબ આપવા તથા ત્યાંસુધી કોઈ બિનવપરાશ ની પેનલ્ટી વસુલ નહિ લેવાનો નિર્ણય લેવા બાબત. | ઉપા.અને વહીવટી સંચાલકશ્રી |
| | (બ) વિતરણ લેનાર પાર્ટી તેની કાબુ બહારના સંજોગોને કારણે ફાળવેલ પ્લોટ/શેડ મકાન વિગેરે નો ઉપયોગ ન કરી શક્યા હોય તેવા કિસ્સાઓ જેવા કે બિમારી મરણ, ભાગીદારોના અંદરોઅંદરના ઝઘડા, રાજ્યસરકાર ની નીતિ વિષયક જોગવાઈઓની પ્રતિકૂળતા પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું ના વાંધા પ્રમાણપત્ર /સંમતિ'પત્ર ન મળવાને કારણે કોર્ટ કચેરીના વાદ-વિવાદ, કુદરતી આફતો, નાણાંકીય સંસ્થાઓમાંથી ધીરાણ મેળવવામાં થયેલ વિલંબ વિગેરે કારણોસર બિનવપરાશની પેનલ્ટી વ્યાજબી કિસ્સાઓ ન લેવાની વિવેકાધિન સત્તાઓ. | ફાળવણીદાર ની ફરીયાદ બાબતની કમિટી. |

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.